અપીલ અરજી નં.૧૫૪ તા.૨૧–૮–૦૯/૧૦

અરજદારઃ– શ્રી દિલીપસિંહ જી. ઝાલા
સામાવાળાઃ–ડે.કમિશ્નર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***– આરટીઆઈ એકટ હેઠળ શ્રી દિલીપસિંહ જી. ઝાલાની તા.૯–૭–૦૯ ની અરજીથી કર્મચારી નં.૧૩૬૦૦ ચંપકલાલ જે. ગામીત ડે.કમિશ્નર (પ.અને ઈ.) સુરત મહાનગરપાલિકામાં નોકરીમાં જોડાયા ત્યારથી આજસુધી કયાં કયા હુકમથી કયા કયા વિભાગ/ઝોનની જવાબદારી કેટલા સમય સુધી સંભાળી છે તેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૧–૮–૦૯ ની અપીલ અરજી નં.૧૫૪/૨૦૦૯–૧૦

શ્રી દિલીપસિંહ જી. ઝાલાની તા.૯–૭–૦૯ ની અરજીથી કર્મચારી નં.૧૩૬૦૦ ચંપકલાલ જે. ગામીત ડે.કમિશ્નર (પ.અને ઈ.) સુરત મહાનગરપાલિકામાં નોકરીમાં જોડાયા ત્યારથી આજસુધી કયાં કયા હુકમથી કયા કયા વિભાગ/ઝોનની જવાબદારી કેટલા સમય સુધી સંભાળી છે તેની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમના પત્ર નં.જીએડી./ઈએસટી/૧૩૮૪ તા.૧૦–૮–૦૯થી મળેલ માહિતી અધુરી અને ખોટી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૧–૮–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૮૯ તા.૨–૯–૦૯ થી ડે.કમિશ્નર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) વિભાગને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.જીએડી/ઈએસટી/૧૭૭૨ તા.૯–૯–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં મુળ અરજીની નલક, તબદીલ અરજીની નકલ, નોંધ વિભાગ,નં.જીએડી/ઈએસટી/૮૩૬ તા.૩–૬–૦૬, નં.જીએડી/ઈએસટી/૨૪/૨૫ તા.૪–૪–૯૦, નં.જીએડી/ઈએસટી/૬૧૧૬ તા.૫/૭–૧–૯૧, નં.જીએડી/ઈએસટી/૨૪૦ તા.૨૩–૪–૯૨, નં.જીએડી/ઈએસટી/૧૭૮ તા.૨૦–૪–૯૫, નીં.જીએડી/ઈએસટી/૨૭૧ તા.૨૭–૪–૯૫, નં.જીએડી/ઈએસટી/૩૦૦ તા.૨૯–૪–૯૫, નં.જીએડી/ઈએસટી/૪૦૧ તા.૮–૫–૯૫, નં.જીએડી/ઈએસટી/૩૩૦૫ તા.૧૦–૩–૯૭, નં.જીએડી/ઈએસટી/૪૬ તા.૨–૪–૯૭, નીં.જીએડી/ઈએસટી/૧૦૨૭ તા.૨૪–૭–૯૭, નં.જીએડી/ઈએસટી/૧૫૦૫ તા.૧૬–૯–૯૭, નં.જીએડી/ઈએસટી/૨૦૬૯ તા.૨૪–૧૧–૯૭, નં.જીએડી/ઈએસટી/૧૨૯૩ તા.૯–૮–૯૯, નં.જીએડી/ઈએસટી/૧૨૯૪ તા.૯–૮–૯૯, નં.જીએડી/ઈએસટી/૧૫૨૭ તા.૬–૯–૯૯, નં.જીએડી/ઈએસટી/૩૨૮૩ તા.૪–૧૨–૯૯ નં.જીએડી/ઈએસટી/૫૧૯તા.૨૦–૫–૨૦૦૦, નં.જીએડી/ઈએસટી/૨૬૮૬ તા.૧–૧૨–૨૦૦૦,નં.જીએડી / ઈએસટી/ ૨૭૦૪તા.૨–૧૨–૨૦૦૦,નં.જીએડી/ઈએસટી/૨૪૮૨તા.૨૨–૧૦–૨૦૦૧ ,નં.જીએડી/ઈએસટી/૭૬તા.૭–૪–૨૦૦૩,નં.જીએડી/ઈએસટી/૧૧૭૨તા.૧૧–૭–૨૦૦૩,નં.જીએડી/ઈએસટી/૧૨૩૨તા.૧૫–૭–૨૦૦૩,નં.જીએડી/ઈએસટી/૩૮૧ તા.૩–૫–૨૦૦૪, નં.જીએડી/ઈએસટી/૧૧૭૨ તા.૧૭–૭–૨૦૦૪, નં.જીએડી/ઈએસટી/૨૮૭૯ તા.૩૧–૧૨–૨૦૦૪, નં.જીએડી/ઈએસટી/૧૯૩૬ તા.૬–૧૦–૨૦૦૫, નં.જીએડી/ ઈએસટી/૨૩૩૫ તા.૮–૯–૨૦૦૬, નં.જીએડી/ઈએસટી/૯૧૩ તા.૮–૬–૨૦૦૭, નં.જીએડી/ઈએસટી/૨૬૫૫ તા.૪–૧૦–૨૦૦૮, નં.જીએડી/ઈએસટી/૪૦૮૬ તા.૨૯–૧–૦૯, ના ઓર્ડરની કોપીની નકલ અત્રે રજૂ કરેલ છે તથા અરજદારને આપેલ માહિતી પત્ર નં. નં.જીએડી/ઈએસટી/૧૩૮૪ તા.૧૦–૮–૦૯ ના પત્રન નકલ અત્રે રજૂ કરેલ છે.

અરજદારની તા.૯–૭–૦૯ ની અરજીથી કર્મચારી નં.૧૩૬૦૦ ચંપકલાલ જે. ગામીત ડે.કમિશ્નર (પ.અને ઈ.) સુરત મહાનગરપાલિકામાં નોકરીમાં જોડાયા ત્યારથી આજસુધી કયાં કયા હુકમથી કયા કયા વિભાગ/ઝોનની જવાબદારી કેટલા સમય સુધી સંભાળી છે તેની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાનેડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમના પત્ર નં.જીએડી./ઈએસટી/૧૩૮૪ તા.૧૦–૮–૦૯થી મળેલ માહિતી અધુરી અને ખોટી હોવાનું જણાવી તા.૨૧–૮–૦૯ ના રોજ રજૂ કરેલ છે. જેમાં અરજદારને આપેલ માહિતીના ૩૦ હુકમો પૈકી ૧૧ હુકમની વિગતવાર માહિતી આપેલ છે અને બાકીના હુકમોથી તેઓએ કયા વિભાગ કે ઝોનમાં કેટલા સમય સુધી જવાબદારી સંભાળી છે તેની વિગતવાર માહિતી આપવામાં આવેલ નથી. તેમજ હુકમ નં. જીએડી/ઈએસટી/નં.૨૪/૨૫ તા.૪–૪–૦૯ થી સેન્ટ્રલાઈઝડ જનરલ, એસ્ટાબ્લીશમેન્ટ, પર્સોનલ મેટર્સ, રીક્રુટમેન્ટ સેકશન, ટ્રેનીંગ એન્ડ ડીપાર્ટમેન્ટ ઈન્કવાયરી, વિભાગની જવાબદારી કયાં સુધી આપવામાં આવેલ તે બતાવવામાં આવેલ નથી. આમ અધૂરી અને અસ્પષ્ટ માહિતી ફલિત થાય છે. જે પૂરી અને સાચી માહિતી માટે અપીલ અરજી કરેલ છે તેમજ અધૂરી અને ખોટી માહિતી માટે પગલા ભરવાની રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી અપીલ તબકકે તા.૩–૬–૦૬ ના હુકમ નં.જીએડી/ઈએસટી/૮૩૬ થી સેન્ટ્રલ એસ્ટાબ્લીશમેન્ટની રીક્રુટમેન્ટ બ્રાંચ તાકીદની અસરથી ડે.કમિશ્નર(સ્પે.) ના પાછળસુપરવિઝન અને કંટ્રોલ હેઠળ મુકવામાં આવેલ છે. જેથી ડે.કમિશ્નર(પઅનેઈ) ને રીક્રુટમેન્ટ બ્રાંચની તા.૩–૬–૦૬ સુધી જવાબદારી સંભાળેલ છે. તેવી પૂરક માહિતી આપેલ છે. પરંતુ અરજદારને તેની જાણ કરી માહિતી આપેલ જણાતી નથી. તે સિવાયના હુકમો સ્વયં સ્પષ્ટ છે નવો હુકમ થાય તદનુસાર અગાઉની અસર સમાપ્ત થાય અને જે હુકમમાં ફેરફાર નથી તે બાબતે અમલમાં હોવાનું ફલિત થાય. આમ હુકમોની નકલો અરજદારને પૂરી પડાયેલ હોઈ તે બાબતે તકરારને કોઈ સ્થાન નથી.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૯–૭–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ફેરફારની હકીકત પૂરક માહિતીમાં અપીલ તબકકે જણાવેલ વિગતે આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ વિભાગને જણાવવામાં આવેલ છે.

***નં.આરટીઆઈસેલ/***
***તારીખ : –૯ – ૦૯***

***ડાયરેકટર ઓફ પ્લાનીંગ***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) ડે.કમિશ્નર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ),..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી દિલીપસિંહ જી. ઝાલા,